# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2024** **Evening : 6.45 to 6.55 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ થોડી જ ક્ષણોમાં રાષ્ટ્રને સંબોધિત કરશે.
- નાગરિકોને વાજબી ભાવે કઠોળ મળે તે હેતુથી ભારત સરકાર ખેડૂતો પાસેથી સીધી જ તુવેર અને અડદની ખરીદી કરશે.
- સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં દેશભરમાં ગુજરાત પહેલા ક્રમે – અત્યાર સુધીમાં 6 લાખ 94 હજારથી વધુ મકાનમાં સોલાર પેનલ લગાવાઈ
- સરકારી શાળામાં ખોટી હાજરી ભરનારા શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગનો આદેશ
- PSI અને લોકરક્ષક દળની ભરતી માટે અરજી કરનારા ઉમેદવારો માટે 26 ઓગસ્ટે પોર્ટલ ખૂલ્લું મુકાશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PREZ. ADDRESS FOR NATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 78મા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આજે સાંજે 7 વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન સાંજે સાત વાગ્યાથી આકાશવાણીના તમામ રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત કરાશે. તેમ જ દૂરદર્શનની તમામ ચેનલ પર હિન્દીમાં અને પછી અંગ્રેજી આવૃત્તિનું પ્રસારણ થશે.

દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનના પ્રસારણ બાદ દૂરદર્શનની તમામ પ્રાદેશિક ચેનલ દ્વારા પ્રાદેશિક ભાષામાં રાષ્ટ્રપતિના સંબોધનનું પ્રસારણ થશે. આકાશવાણી પોતાના તમામ પ્રાદેશિક નેટવર્ક પર રાત્રે સાડા નવ વાગ્યે પ્રાદેશિક ભાષામાં રાષ્ટ્રપતિનું સંબોધન પ્રસારિત કરશે.

------------------

## PM LIVE ON AKASHVANI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે, નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી તિરંગો લહેરાવશે અને રાષ્ટ્રજોગ સંબોધન કરશે. આ કાર્યક્રમનું આકાશવાણીના વિવિધ કેન્દ્ર અને ઓનલાઇન ચેનલો પર જીવંત પ્રસારણ કરાશે.

વિવિધ ભારતી રાષ્ટ્રીય પ્રસારણ સેવા, વિવિધ ભારતી સ્ટેશન, સ્થાનિક રેડિયો સ્ટેશન, સામુદિયિક રેડિયો સ્ટેશન, એફએમ રેઇન્બો, એફએમ ગોલ્ડ અને અન્ય FM ચેનલ સહિત આકાશવાણીના તમામ કેન્દ્રો પરથી તેનું પ્રસારણ થશે. આકાશવાણી અમદાવાદની અમારી યુટ્યૂબ ચેનલ Air News Gujarat ઉપરથી

પણ તેનું પ્રસારણ કરાશે. આકાશવાણીના પ્રાદેશિક કેન્દ્રો પર પ્રધાનમંત્રીના સંબોધનનું પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે સાડા નવ વાગ્યે સાંભળી શકાશે.

-----

## CM ADDRESS BEFORE INDEPENDENCE DAY

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 2047 સુધીમાં વિકસિત-આત્મનિર્ભર-ઉન્નત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતની નેમ વ્યક્ત કરી છે.**

**૭૮માં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ કરેલા પ્રજાજોગ સંદેશમાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આઝાદીના સાડાસાત દાયકા પૂર્ણ કરીને ભારત દેશ સ્વતંત્રતાની શતાબ્દી તરફ આગેકદમ ભરી રહ્યો છે અને ભારતને વિશ્વ ગુરુ બનાવવાનું સ્વપ્ન હવે સાકાર થવા જઈરહ્યું છે. તેમણે કહ્યું કે, 'વિકાસ ભી વિરાસત ભી' આ સૂત્રને ગુજરાતે સાકાર કર્યું છે અને નવા નવા ક્ષેત્રોમાં નવા સીમા ચિન્હ હાંસલ કરી રહ્યું છે.**

**તેમણે કહ્યું કે, ગુજરાત પુનઃપ્રાપ્યઉર્જા ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે. દેશની પહેલી સેમી કન્ડક્ટર ચીપનું ઉત્પાદન ગુજરાતમાં થવાનું છે. ઉદ્યોગોને પરિણામે રાજ્યનાં યુવાનો માટે રોજગારીના અવસરો ખુલ્યા છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.**

આકાશવાણી પરથી રાત્રે સવા નવ વાગ્યે મુખ્યમંત્રીનો આ પ્રજાજોગ સંદેશ પ્રસારિત કરાશે.

મુખ્યમંત્રી આવતીકાલે ખેડા જિલ્લાના નડિયાદ ખાતે રાજ્યકક્ષાના 78મા સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં ધ્વજવંદન કરશે. આ પહેલા તેઓ આજે નડિયાદ પહોંચ્યા હતા શ્રી પટેલે સૌપ્રથમ વખત લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળની મુલાકાત લઈ તેમને ભાવાંજલિ અર્પણ કરી હતી.

નવી દિલ્હી ખાતે આવતીકાલે 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે ભારત સરકાર દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું છે. સરકારે આ ઉજવણીમાં ભાગ લેવા રાજ્યનાં 2 સહિત દેશભરમાંથી 72 આશાવર્કર બહેનો અને સહાયક નર્સ સુયાણી - ANMને આમંત્રિત કર્યાં છે.

-----------------------

## STATE MINISTERS 15TH AUGUST CELEBRATION

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે રાજ્યકક્ષાના 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ખેડાના નડિયાદમાં કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં બનાસકાંઠા ખાતે સ્વતંત્રતા દિવસ ઉજવાશે.

રાજ્યના કેબિનેટ મંત્રી કનુ દેસાઈ સુરત, ઋષિકેશ પટેલ મહેસાણા, રાઘવજી પટેલ જૂનાગઢ, બલવંતસિંહ રાજપૂત કચ્છના ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત રહેશે. જ્યારે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા અમરેલી, મૂળુભાઈ બેરા, ડૉ. કુબેર ડિંડોર સાબરકાંઠા અને ભાનુબેન બાબરિયા ગીર સોમનાથમાં સ્વતંત્રતા દિવસ ઉજવશે.

ઉપરાંત રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને તમામ જિલ્લાના કલેક્ટર વિવિધ જિલ્લામથકોએ ધ્વજવંદન કરશે.

-----------------

## NAFED TUVER ADAD KHARIDI

ભારત સરકાર ખેડૂતો પાસેથી તુવેર અને અડદનો તમામ જથ્થો ડાયનેમિક પ્રાઈઝથી સીધી જ ખરીદવાનો નિર્ણય કર્યો છે. ખેતી નિયામકની કચેરીએ બંને અનાજનું મહત્તમ વાવેતર કરવા ખેડૂતોને અનુરોધ કર્યો છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના મહત્તમ અને આદર્શ બજારભાવ આધારિત આ ડાયનેમિક પ્રાઈઝથી જથ્થાની ખરીદી થતાં ખેડૂતોને તેનો મહત્તમ લાભ થશે. તેમ જ દેશના નાગરિકોને વાજબી ભાવે કઠોળ મળશે એમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

આ યોજનાનો લાભ લેવા રાજ્યના ખેડૂતોએ નાફેડના ઇ-સમૃદ્ધિ પૉર્ટલ પર આગોતરી નોંધણી કરાવવાની રહેશે. હાલમાં આ પૉર્ટલ પર નોંધણી શરૂ ગઈ છે. પૉર્ટલ પર નોંધાયેલા ખેડૂતો પાસેથી ભારત સરકારની ખેડૂતોની સંસ્થા નાફેડ તુવેર અને અડદની સીધી જ ખરીદી કરશે અને તેનું ચૂકવણું નાફેડ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર – DBTના માધ્યમથી સીધા જ ખેડૂતોના બેન્ક ખાતામાં કરશે.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## CM MEETS NEW ZEALAND DELEGATION

**ન્યૂ ઝિલેન્ડના નવ સભ્યના પ્રતિનિધિમંડળે આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી સાથેની આ બેઠકમાં પ્રતિનિધિમંડળને રાજ્ય ખેતી, ડેરી ઉદ્યોગ, સહકાર, પુનઃપ્રાપ્ય ઊર્જા, પ્રવાસન ક્ષેત્રે સહકાર અને બંને દેશના લોકોમાં પરસ્પર લાંબા ગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે સાંસ્કૃતિક સંબંધો આગળ વધે તે માટે ઉત્સુકતા દર્શાવી હતી.**

-----------------------------------------------------------------------

## GUJARAT FIRST IN ROOFTOP SOLAR SCHEME

સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે છે એમ રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું.

શ્રી દેસાઈએ કહ્યું, રૂફટૉપ સૉલારની યોજના અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 6 લાખ 94 હજારથી વધુ રહેણાક મકાન પર કુલ 2 હજાર 744 મેગાવૉટ ક્ષમતા ધરાવતી રૂફટૉપ સૉલાર પેનલને સ્થાપિત કરવામાં આવી છે. રાજ્ય

સરકાર દ્વારા સોલાર પેનલ ઇન્સ્ટોલેશન માટે આ ગ્રાહકોને 3 હજાર 155 કરોડ રૂપિયાથી વધુની સબસિડી આપવામાં આવી છે. આના કારણે 3 હજાર 260 કરોડ રૂપિયાના વીજ બિલમાં બચત થઈ છે. તેમ જ સૌર ઊર્જાના વેચાણથી 330 કરોડ રૂપિયાની આવક પણ થઈ છે.

શ્રી દેસાઈએ જણાવ્યું, "પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં 2 લાખ 49 હજારથી વધુ અરજી નોંધાઈ હતી. આ પૈકી કુલ 532 મેગાવૉટ ક્ષમતાની 1 લાખ 45 હજારથી વધુ સોલાર રૂફટૉપ પ્રણાલી સ્થાપિત કરવામાં આવી છે.

----------------

## KUBER DINDOR - ACTION AGAINST TEACHERS

રાજ્યમાં સરકારી શાળામાં પોતાના કર્તવ્યનું પાલન ન કરનારા અને ફરજચૂક કરનારા 134 શિક્ષક સામે શિક્ષણ વિભાગે ફરજમાંથી બરતરફ સુધીના પગલાં લીધાં છે. એમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં ઉપસ્થિત રહેલા શ્રી ડિંડોરે આ નિવેદન આપ્યું હતું.

શિક્ષણમંત્રીએ કહ્યું, બીજા અન્ય કેટલાક શિક્ષકો ઉપર પણ કાર્યવાહી કરવામાં આવશે. આ માટે હાલમાં તપાસ ચાલી રહી છે. તેમ જ ખોટી હાજરી ભરનારા શિક્ષકો સામે પણ કડક કાર્યવાહી કરવાના તેમણે આદેશ આપ્યા છે.

(બાઈટ – ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણમંત્રી)

. . . . . . . . . . . . . . . . .

## PSI LOK RAKSHAK DAL EXAM 2024

રાજ્યમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર અને લોકરક્ષક દળની ભરતી માટે આગામી 26 ઑગસ્ટે પૉર્ટલ ખૂલ્લું મુકાશે. ઉમેદવારો 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે. પોલીસ ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યું, આ વર્ષે સ્નાતક થયેલા ઉમેદવારો માટે પૉર્ટલ ફરી ખોલવામાં આવશે. આ ભરતી માટેની શારીરિક પરીક્ષા ચોમાસા પછી લેવાશે.

રાજ્ય સરકારે વર્ષ 2021માં લેવાયેલી લોકરક્ષક દળની પરીક્ષામાં ગેરરીતિ આચરનારા 37 ઉમેદવારને ગેરલાયક ઠેરવ્યા છે. પોલીસ ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું, આ ઉમેદવારો હવે આગામી ત્રણ વર્ષ માટે કોઈ પણ ભરતી પરીક્ષા નહીં આપી શકે. વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું.

(બાઈટ – હસમુખ પટેલ, અધ્યક્ષ, પોલીસ ભરતી બૉર્ડ)

-----------------

## STATE GOV RELEASED PRISONERS

સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્ય સરકારે માનવીય અભિગમના ધોરણે રાજ્યની વિવિધ જેલોમાંથી સારા વ્યવહારને જોતા 86 જેટલા કેદીઓને મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપેલા દિશા-નિર્દેશ અનુસાર નિયત કરાયેલી કક્ષાના કેદીઓને રાજ્ય માફી આપવામાં આવી છે. અગાઉ વર્ષ 2023માં 103 કેદીઓને, જ્યારે 2024માં 248 કેદીને માફી આપવામાં આવી હતી, જેમાંથી 86 કેદીઓને સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુક્ત કરાયા છે. આમ જોતા છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્યમાં 351 જેટલા કેદીઓને માફીનો લાભ આપવામાં આવ્યો છે.

-----------------------